[46, 47 & A71-G] No. of printed page: 03

# SARDAR PATEL UNIVERSITY
## B. Com. (II Semester) Examination
## 2016
## Tuesday, 29th March
## 2.30 pm - 4.30 pm
## UBO2CCOM02 - Accounting [Company Accounts] - II

**કુલ ગુણઃ ૬૦**

**નોંધ :** (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(૨) જરૂરી તમામ ગણતરી દર્શાવો.

પ્ર.૧
(અ) પાકું સરવૈયું તૈયાર કરવાના હેતુઓ જણાવો. (૧૦)
(બ) પાકા સરવૈયાની મર્યાદાઓ ટૂંકમાં સમજાવો. (૦૫)

**અથવા**

પ્ર.૧
(અ) નીચેની વિગતો પરથી; (૧૦)
(૧) માલિકીનાં ભંડોળ
(૨) રોકાયેલી મૂડી
(૩) ચોખ્ખી કાર્યશીલ મૂડીની ગણતરી કરો.

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| પાઘડી | ૩૦૦૦ | મકાનો | ૨૦૦૦૦ |
| શેરમૂડી | ૬૫૦૦૦ | સામાન્ય અનામત | ૪૦૦૦ |
| પ્લાન્ટ અને મશીનરી | ૬૦૦૦ | બેન્ક ઑવરડ્રાફ્ટ | ૪૦૦૦ |
| ફર્નિચર | ૧૯૦૦૦ | દેવી હૂંડી | ૫૦૦૦ |
| લેણદારો | ૧૨૫૦૦ | પેટન્ટ અને ટ્રેડમાર્ક | ૧૪૦૦૦ |
| કોપીરાઈટ | ૧૦૦૦ | પગારનાં બાકી દેવાં | ૫૦૦૦ |
| છેવટનો સ્ટોક | ૭૫૦૦ | દેવાદારો | ૧૦૦૦૦ |
| લેણી હૂંડી | ૨૫૦૦ | વિકાસ ખર્ચા | ૧૦૦૦ |
| ભવિષ્ય નિધિ | ૨૫૦૦ | કસ્ટમ ડિપોઝીટ | ૧૦૦૦૦ |
| અગાઉથી ચૂકવેલું ભાડું | ૪૦૦૦ | રોકડ | ૨૦૦૦ |
| ન.નુ. ખાતુ (ઉ) | ૪૦૦૦ | કામદાર વળતર ભંડોળ | ૬૦૦૦ |

(બ) પાકું સરવૈયું એટલે શું ? પાકા સરવૈયાના કાર્યોની યાદી તૈયાર કરો. (૦૫)

પ્ર.૨ પટેલ લિમિટેડે રૂા.૧૦નો એક એવા ૫૦૦૦૦ ઈકિવટી શેરો બહાર પાડ્યા. જેનાં નાણાં નીચે મુજબ (૧૫)
ચૂકવવાનાં હતાં.

| | રૂા. |
|---|---|
| શેર અરજી સાથે | ૩/- |
| શેર મંજૂરી સાથે | ૨/- |
| શેર પ્રથમ અને છેલ્લા-૧ હપ્તા સાથે | ૫/- |

કંપનીને ૧૧૦૦૦૦ શેર માટે અરજીઓ મળી હતી. એવું નક્કી કરવામાં આવ્યું કે :

૧. ૧૦૦૦૦ શેરની અરજી કરનારાઓને શેર નામંજૂર કરવા.
૨. મિ. રવિ કે જેને ૨૦૦૦૦ શેર માટે અરજી કરી હતી તેને ૫૦% શેર મંજૂર કરવા.
૩. મિ. ચન્દ્ર કે જેને ૧૦૦૦૦ શેર માટે અરજી કરી હતી તેને પૂરા શેર આપવા.
૪. બાકી રહેલા શેર બાકી અરજદારો વચ્ચે પ્રમાણસર ફાળવી આપવા.
૫. અરજી વખતે મળેલ વધુ રકમનો મંજૂરી સમયે અને પ્રથમ અને છેલ્લા હપતા સમયે લેવાની થતી રકમ પ્રત્યે ઉપયોગમાં લેવી.

પટેલ લિમિટેડના ચોપડે આમનોંધ લખો.

**અથવા**

પ્ર.૨ શારદા લિમિટેડે ૧૦૦૦૦૦ ઈક્વિટી શેરો દરેક રૂા.૧૦નો એવા શેરદીઠ રૂા.૪/-ના પ્રિમિયમથી બહાર પાડવા, જેના પર નીચે મુજબ રકમ ભરવાની હતી. (૧૫)

અરજી સાથે રૂા.૬/- (રૂા.૨/- પ્રિમિયમ સહિત)
મંજૂરી સાથે રૂા.૬/- (રૂા.૨/- પ્રિમિયમ સહિત)
પ્રથમ અને છેલ્લા હપતા સાથે રૂા.૨/-

૧૫૦૦૦૦ શેર માટે અરજીઓ મળી હતી. બધા જ અરજદારો વચ્ચે શેરોની પ્રમાણસર ફાળવણી કરવામાં આવી. અરજી વખતે વધુ ભરાયેલાં નાણાં મંજૂરી વખતે લેણી રકમ પેટે મજરે લીધાં હતાં. સંધ્યા કે જેના ૨૦૦ શેર મંજૂર કરવામાં આવ્યા હતા તે મંજૂરી તથા પ્રથમ અને છેલ્લા હપતાનાં નાણાં ભરી શકી નહીં.

સાવિત્રિ કે જેના ૧૦૦ શેર મંજૂર કરવામાં આવ્યા હતા તે પ્રથમ અને છેલ્લા હપતના નાણાં ભરી શકી નહીં.

શારદા લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો.

પ્ર.૩

(અ) નાણાંકીય પત્રકો એટલે શું ? નાણાંકીય પત્રકોનાં લક્ષણો જણાવો. (૦૮)
(બ) નાણાંકીય પત્રકોની મર્યાદાઓની ચર્ચા કરો. (૦૭)

**અથવા**

પ્ર.૩ ટૂંકનોંધ લખો.

૧. વલણ વિશ્લેષણ (૦૫)
૨. તુલનાત્મક નાણાંકીય પત્રકો (૦૫)
૩. નાણાંકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ (૦૫)

પ્ર.૪ રોશની લિ.નું તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજનું કાચું સરવૈયું નીચે પ્રમાણે છે : (૧૫)

| ઉધાર બાકીઓ | રૂ. | જમા બાકીઓ | રૂ. |
|---|---|---|---|
| રોકાણો | ૩૫૦૦૦ | ઈક્વિટી શેરમૂડી | ૪૦૦૦૦૦ |
| બાકી હપતા | ૧૦૦૦ | વેચાણ | ૩૦૦૦૦૦ |
| જમીન અને મકાન | ૪૫૦૦૦ | પરચૂરણ લેણદારો | ૧૭૦૦૦ |
| મશીનરી | ૩૦૦૦૦૦ | સામાન્ય અનામત | ૨૫૦૦૦ |
| ફર્નિચર | ૧૫૦૦૦ | રોકાણોની આવક | ૬૦૦૦ |
| આબકારી જકાત | ૩૮૦૦ | બેન્ક લોન | ૪૫૦૦૦ |
| મજૂરી | ૩૧૪૦૦ | ડિવિડન્ડ | ૩૦૦૦ |
| પગાર | ૪૫૨૦૦ | | |
| વીમો | ૨૮૦૦ | | |
| ખરીદી | ૧૬૦૦૦૦ | | |
| લેંણીહૂંડી | ૨૧૨૦૦ | | |
| સામાન્ય ખર્ચા | ૬૯૦૦ | | |
| શરૂઆતનો સ્ટોક | ૬૫૦૦૦ | | |
| બેન્કમાં રોકડ | ૩૮૮૦૦ | | |
| હાથ પર રોકડ | ૯૦૦ | | |
| સંચાલકોની ફી | ૧૦૦૦ | | |
| સ્ટાફ એડવાન્સ | ૨૩૦૦૦ | | |
| | **૭૯૬૦૦૦** | | **૭૯૬૦૦૦** |

**હવાલાઓ :**

૧. છેવટનો સ્ટોકની કિંમત રૂ.૮૬૦૦૦/- આંકવામાં આવી છે.
૨. મશીનરી પર ૧૦% ઘસારો ગણો.
૩. પગારના રૂ.૪૦૦૦/- ચૂકવવાના બાકી છે.
૪. સામાન્ય અનામત ખાતે રૂ.૫૦૦૦/- લઈ જવાના છે.
૫. આવકવેરાની જોગવાઈ રૂ.૧૮૧૬૫/- કરવાની છે.
૬. કંપનીની સત્તાવાર મૂડી રૂ.૬૦૦૦૦૦/-ની છે. જે રૂ.૧૦/-નો એવા ઈક્વિટી શેરોમાં વહેંચાયેલી છે.

તા.૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર અને નફા-નુકશાન ખાતુ તૈયાર કરો. અને તે જ તારીખનું ૧૯૫૬ના કંપનીધારામાં જણાવ્યા પ્રમાણેનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪

(અ) નફા-નુકશાન ફાળવણી ખાતાનો નમૂનો આપો. (૦૫)

(બ) કંપનીના પાકા સરવૈયામાં પરચૂરણ ખર્ચો તથા ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓના મથાળા હેઠળ દર્શાવવામાં આવતી ઓછામાં ઓછી પાંચ વિગતોની યાદી આપો. (૧૦)

☺☺☺☺☺